

JAN

maya11156@gmail.com

AANDOLAN

## "આરોગ્ય સેવાઓનું રાષ્ટ્રીયકરણ" - એ જ ઉપાય

જ્યારે કોરોના વાયરસ એ આખા વિશ્વને પોતાના ભરડામાં લીધો છે, ત્યારે ખાનગી પ્રેક્ટિસ કરતા તબીબો અને ખાનગી હોસ્પિટલની નિષ્ક્રિયતા, બેજવાબદારીપણું અને બિનજરૂરિયાત છતી થઈ રહી છે. આ એ જ ડોકટરો, હોસ્પિટલો અને ક્લિનિક છે, જેમણે સામાન્ય સંજોગોમાં બહુમતી ધરાવતા ગરીબ વર્ગની અવગણના કરી છે અને લઘુમતી ધરાવતા સમૃદ્ધ દર્દીઓ પાસે લખલૂટ પૈસા પડાવી પોતે સમૃદ્ધિના શિખર સર કર્યા છે.

સ્વાસ્થ્ય સેવાઓ ના ખાનગીકરણના યુગમાં ભુલાયેલી, ખોવાયેલી, બેહાલ થયેલી સરકારી હોસ્પિટલ જ આ કોરોના મહામારી ના કપરા સમયમાં આપણી પડખે છે.

આ મહામારી પહેલા 80% દર્દીઓ ખાનગી દવાખાના - હોસ્પિટલમાં ઇલાજ કરાવતાં હતાં. આમ થવાનું મુખ્ય કારણ એ હતું કે ખાનગીકરણના આ યુગમાં સરકાર દ્વારા સરકારી હોસ્પિટલમાં થતાં ઈલાજ, ઇક્વિપમેન્ટસ, દવાઓ, વગેરે ના ખર્ચ માટે જરૂરી ભંડોળ આપવા પ્રત્યે ઉદાસીનતા! તબીબી કોલેજ સાથે સંકળાયેલી પ્રતિષ્ઠિત સરકારી હોસ્પિટલમાં ઘણીવાર વ્યવસ્થિત ECG મશીન પણ હોતું નથી. દર્દીઓને મેડિકલ ટેસ્ટ અને દવાઓ બહારથી લેવાનું સુચવવામાં આવે છે. સ્ટાફ-દવાથી લઇને ઇક્વિપમેન્ટ સુધી દરેક સુવિધાની સરકારી દવાખાનામાં ખેંચ રહે છે.

સામાન્ય સંજોગોમાં ખાનગી તબીબો દ્વારા હંમેશા દર્દીઓને બિનજરૂરી તપાસ, દવાઓ અને ઓપરેશન-સર્જરીની સલાહ આપવામાં આવે છે. ઘણીવાર આપણને તબીબોના

આવા ગોરખધંધા ની ખબર મળ્યા કરે છે અને તેને આપણે નજર અંદાજ કરીએ છીએ. આ એક ખુલ્લુ રહસ્ય છે કે સામાન્ય સંજોગોમાં ખાનગી ડૉક્ટર ભારી ભરકમ ફી વસૂલતા રહ્યા છે. પાંચ સિતારા કોર્પોરેટ હોસ્પિટલો થી લઈને છેલ્લા દરજ્જાની ખાનગી હોસ્પિટલોમાં આચરવામાં આવતી ગેરરીતિઓ ને કારણે દર્દીઓએ ઘણી આર્થિક અને માનસિક યાતનાઓ સહન કરવી પડે છે.

કોરોના મહામારી એ બધું જ ઉજાગર કરી દીધું છે. કોરોના ને કારણે આપવામાં આવેલ lockdown માં ખાનગી હોસ્પિટલો એ પણ પોતાના દરવાજા બંધ કરી દીધા હતા. તેઓએ કોરોના ના દર્દી જ નહીં પરંતુ બિન કોરોના દર્દીઓની તપાસ માટે પણ હાથ ઊંચા કરી દીધા હતા. અરે! ખાનગી એમ્બ્યુલન્સ વાહન જે ઘણા શહેરોમાં સરકારી એમ્બ્યુલન્સ કરતાં ૧૦ ગણા વધું છે તેની સેવાઓ પણ સંકેલી લીધી! અને જ્યારે તેમને કોવિડ સારવાર માટે ફરજ પાડવામાં આવી ત્યારે દર્દીઓ પાસેથી આસમાનને આંબે તેવી ફી વસુલ કરવામાં આવી રહી છે. કોવિડ જ નહીં પણ આ મહામારી માં નોન કોવિડ દર્દીઓ પાસે પણ સામાન્ય કરતા વધારે ફી વસુલ કરવામાં આવી રહી છે એવા કિસ્સાઓ બહાર આવી રહ્યા છે. “ઉમદા વ્યવસાય  માં કાર્યરત તબીબોની પૈસા માટેની આ લાલચ!

ખાનગી આરોગ્ય સંસ્થાઓની નિષ્ક્રિયતાને કારણે સરકારી હોસ્પિટલો પર જ આ મહામારીનો બધો બોજો આવી પડ્યો. નજીવા લક્ષણો થી લઈને asymptomatic, કોરોના પોઝિટિવ સુધીના દરેક દર્દીની સારવાર ની જવાબદારી સરકારી સ્વાસ્થ્ય સંસ્થાઓ પર આવી પડી. દર્દીઓ- જે આખા શહેરમાં અલગ અલગ જગ્યાએ મરી રહ્યા

હતા, તે હવે ફક્ત સરકારી હોસ્પિટલો માં જ મૃત્યુ પામવા લાગ્યા અને સ્મશાન ગૃહની વધારવાની પ્રકિરયાને લીધે પણ આપણે મૃત શરીરો ના ઢગલા થતા જોયા.

હવે તો આપણે એ માનવું જ રહ્યું કે મુખ્ય રૂપે સ્વતંત્રતા પછી ૯૦ના દશક સુધીમાં સ્થાપિત કરવામાં આવેલી, સરકારી હોસ્પિટલો અનેક ત્રુટિજનક દેખાવ છતાં પણ આ કોરોનાના કહેર માં કરોડરજ્જુ ની જેમ આપણી વહારે ઉભી છે.

આ મહામારી માંથી આપણે ભારતીયોએ એવી શીખ મેળવી છે કે સ્વાસ્થ્ય એ આપણા જીવનનો એવો સંવેદનશીલ અને મહત્વનો હિસ્સો છે કે જેને આપણે સમાંતર ચાલતા ખાનગી ક્ષેત્ર અને સાર્વજનિક ક્ષેત્ર વચ્ચે ઉપેક્ષિત કરી શકીએ નહી. આપણે જોયું કે આવી પરિસ્થિતિમાં અનેક કારણોથી સાર્વજનિક ક્ષેત્રની ઉપેક્ષા થાય છે અને ખાનગી ક્ષેત્ર વધુને વધુ વ્યાપારીક થાય છે, એટલે જનહિતનો નિર્વાહ નથી થઈ શકતો.

આપણે એક મજબૂત રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા સિસ્ટમ ની જરૂર છે, જેમાં દેશના બધા સંસાધનોની લોકોની ઉત્તમ સેવા માટે ચેનલાઇઝ કરવામાં આવે. નિસંદેહ સરકારે આ માટે વધુ ખર્ચ કરવો પડશે. તેના માટે સરકારે પૈસાદાર વર્ગના લોકો પર વધુ કર (Tax) લગાવવો પડશે. વર્ષોથી આ વર્ગને કર (Tax) લાભ, છુટછાટ, કરમુક્ત અવધિ, કર રાહત અને અન્ય ઘણા લાભો આપવામાં આવ્યા છે. સુપર rich ટેક્સ એક આવો ઉપાય છે. આમ પણ પૈસાદાર માટે ટેક્સ સ્લેબ ઘણો ઓછો છે.

લોકોનું જીવન થોડા લોકોની અતિ વૈભવશાળી જીવન શૈલીથી ઘણું મહત્વપૂર્ણ છે. એવો અનુભવ છે કે વિશ્વમાં જ્યાં પણ સ્વાસ્થ્ય સેવાઓ નું સારી રીતે રાષ્ટ્રીયકરણ




AANDOLAN

કરવામાં આવ્યું છે, ત્યાં બિન જરૂરી તપાસ, દવાઓ અને ઓપરેશન થી બચી શકાય છે અને જરૂર પડ્યે આ સેવાઓ જ હંમેશા ઉપલબ્ધ હોય જ છે.

આ માટે નીચે પ્રમાણે માંગ કરવામાં આવે છે.

1. સંપત્તિ નું મૂલ્યાંકન કરીને યોગ્ય વળતર સાથે ખાનગી ક્ષેત્રની હોસ્પિટલનું તાત્કાલિક સંપાદન. નાની હોસ્પિટલોને સરકારી મોહલ્લા હોસ્પિટલ માં રૂપાંતર કરી શકાય છે.
2. ગામ ના ઉપસ્વાસ્થ્ય કેન્દ્ર, પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્ર, સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્ર થી લઈને જિલ્લા સ્તરની હોસ્પિટલ અને મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ ઓને પહેલેથી જ ઉપસ્થિત સરકારી સ્વાસ્થ્ય આધારિત સંરચના શ્રેણીને મજબુત કરવું અને તેનો વિસ્તાર કરવો.
3. દરેક સ્તર પર પર્યાપ્ત તબીબો નર્સો અને અન્ય પેરામેડિકલ કર્મચારીઓ ઉપલબ્ધ હોવા જોઈએ. દરેક તબીબ માટે પોસ્ટ ગ્રેજ્યુએશન પહેલા ગ્રામ્ય સ્તર પર સેવા આપવી અનિવાર્ય હોવી અને જરૂરત પ્રમાણે તેનું આવર્તન (rotation) થવું. આપણે એ યાદ રાખવાનું છે કે દેશના સંસાધનો અને ગરીબ દર્દીઓ નો ઉપયોગ આ તબીબોને પ્રશિક્ષિત કરવા માટે થાય છે.
4. દરેક તબીબ અને અન્ય મેડિકલ કર્મચારીઓને યોગ્ય અને ગરિમાપૂર્ણ વેતન આપવામાં આવે અને IAS અધિકારી ની જેમ તેમના અનુભવ અને શિક્ષણ મુજબ તેમની પદોન્નતિ કરવામાં આવે.




maya11156@gmail.com

AANDOLAN

5. સ્વાસ્થ્યસેવા પ્રણાલીના કામકાજની દેખરેખ માટે લોકોની પ્રત્યક્ષ લોકતાંત્રિક નિયંત્રણની મહત્વપૂર્ણ ભૂમિકા હોય.
6. હોસ્પિટલ પ્રશાસન, ડોક્ટરોના પ્રતિનિધિ, અન્ય પેરામેડિકલ સ્ટાફના પ્રતિનિધિઓ અને જનતાના પ્રતિનિધિઓની એક સમિતિ ની સીધી ચૂંટણી થાય, જેને દૈનિક સમસ્યાઓના હલ માટે ગઠિત કરવામાં આવે.
7. ફરિયાદ અને સૂચન પેટી ઉપરાંત પણ લોકોની ફરિયાદ આવે છે. આ ફરિયાદ અને સૂચનો માટે સાર્વજનિક મિટિંગનું આયોજન થાય. આ મિટિંગમાં સૂચન પેટી પણ ખોલવામાં આવે.
8. દરેક વખતે હોસ્પિટલ આવવાવાળા દરેક દર્દીને એક સર્વેક્ષણ ફોર્મ (સર્વે ફોર્મ) (ડિજિટલ પણ, જે કરી શકે તેના માટે) આપવામાં આવે, જેમાં લોકો પોતાના અનુભવ લખી શકે જેમ ઘણી બેન્કો અને બીજી કંપનીઓ કરે છે.
9. એ ખૂબ જ મહત્વપૂર્ણ સૂચન છે કે ચિકિત્સાની અન્ય પદ્ધતિઓ જેવી કે એલોપથી, હોમિયોપથી, આયુર્વેદ અને બીજી અન્ય પદ્ધતિઓને દરેક વિદ્યાર્થીઓને સ્નાતક સ્તર પર ભણાવવામાં આવે અને માત્ર એમની વિશેષજ્ઞતા સ્તર માટે અલગ-અલગ પ્રશિક્ષણ લે. આ રીતે સૌથી સારી પદ્ધતિ દર્દીઓ માટે ઉપયોગમાં લઈ શકાય. પરસ્પર અલગ અલગ હોવા કરતાં, આ પદ્ધતિઓ એકબીજાની પૂરક હોવી જોઈએ. આજે દર્દી કે જેને ઓછી જાણકારી છે, તે નિર્ણય લે છે કે આ બીમારી માટે કઈ પદ્ધતિ લેવી જોઈએ.




# JAN AANDOLAN

10. પર્યાવરણ વિજ્ઞાન અને કેવી રીતે વિવિધ પેથોજન (બેક્ટેરિયા અને વાયરસ થી  થતા રોગો) જે જંગલી જાનવરો તરફથી મનુષ્ય માં પ્રવેશ કરી રહ્યા છે, તે પાઠ્યક્રમ નો મહત્વપૂર્ણ ભાગ હોવો જોઈએ.

આ બધું કરવા માટે લોકોનું સરકાર પર દબાણ અને લોકોના જીવનને ગંભીરતાથી લેવાની એક વિસ્તૃત માંગણી સુરક્ષિત વિશ્વનો એકમાત્ર ઉપાય છે.

- માયા વાલેચા

+91 70160 02688

maya11156@gmail.com